ગાંધીનગર સમાચાર

આઈએનએસ વિક્રમાદિત્ય રાષ્ટ્રને સમર્પિત

ચાર કલાક સુધી મોદી આઈએનએસ વિક્રમાદિત્ય પર રહ્યા : મોદીને યુદ્ધ જહાજ પર ગાર્ડ ઓફ ઓનર

પણજી,તા.૧૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે બપોરે ભારતીય નૌકાસેનાના સૌથી મોટા એરક્રાફ્ટ કેરીયર આઈએનએસ વિક્રમાદિત્ય રાષ્ટ્રને સમર્પિત કરતા આને લઈને ચાલી રહેલી અટકળોનો અંત આવી ગયો હતો. આશરે ચાર કલાક સુધી વડાપ્રધાન મોદી વિક્રમાદિત્ય ઉપર રહ્યા હતા અને નૌકાસેનાના જહાજ અને યુદ્ધ વિમાનોના શક્તિ પ્રદર્શનને નજીકથી નિહાળ્યા હતા. આઈએનએસ વિક્રમાદિત્યનું મુલ્યાંકન કરીને સેનાને સમર્પિત કર્યા બાદ મોદીએ નૌકાસેનાના અધિકારીઓ અને સૈનિકોને સંબોધન કરતાં કહ્યું હતું કે, અમે કોઈને આંખ બતાવીશું નહીં પરંતુ આંખ ઝુંકાવીને પણ આગળ વધીશું ઈચ્છીએ છીએ. ભારતીય નૌકાસેનાને શુભકામના આપતા મોદીએ કહ્યું હતું કે, કોઈપણ ભારતને આંખ બતાવી શકશે નહીં. મોદીએ આ પ્રસંગે વન રેન્ક વન પેંશન યોજનાને લાગુ કરવાની સરકારની કટિબદ્ધતાનો પણ પુર્નોચ્ચાર કર્યો હતો. મોદીએ પોતાના સંબોધનમાં રાષ્ટ્રિય સ્તર ઉપર વોર મેમોરિયલ બનાવવાની વાત પણ કરી હતી.

એક દશક અગાઉ ખરીદવામાં આવેલા આઈએનએસ વિક્રમાદિત્યને આજે વિધીવત રીતે રાષ્ટ્રને સમર્પિત કરી દેવામાં આવ્યું હતું. મોદીએ આ પ્રસંગે દિલધડક પરાક્રમો પણ નિહાળ્યા હતા. વિક્રમાદિત્ય ઉપર મોદી આજે સવારે ગોવા દરિયાકાંઠા ઉપર પહોંચ્યા હતા. વિક્રમાદિત્ય પર નેવી ચીફ એડમીરલ આરકે ધવને વડાપ્રધાનનું સ્વાગત કર્યું હતું. ત્યારબાદ ૧૫૦ નૌકાસેનાના જવાનોએ જહાજ ઉપર જ વડાપ્રધાનને ગાર્ડ ઓફ ઓનર આપ્યું હતું. મોદી મિગ-૨૯ વિમાન ઉપર પણ બેઠા હતા.મિગ-૨૯ વિમાન ઉપર બેસીને ગોવા દરિયાકાંઠે તરી રહેલા યુદ્ધ જહાજની તાકાતને નિહાળી હતી. ગોવા દરિયાકાંઠે જુદા-જુદા કાર્યક્રમો પણ આ પ્રસંગે આયોજીત કરાયા હતા. મોદીએ કહ્યું હતું કે દેશ માટે આજનો દિવસ મહત્વપૂર્ણ દિવસ છે. હવામાને પણ ગોવામાં કેટલાક કાર્યક્રમો બગાડી કાઢ્યા હતા જેના લીધે આઈએનએસ વિક્રમાદિત્યના ડોકને છોડવાની ફરજ પડી હતી અને અંદર જવાની ફરજ પડી હતી. ભારતીય નૌકાસેનાના અધિકારીઓએ મોદીને ભારતના સૌથી મોટા યુદ્ધ જહાજની ક્ષમતા અંગે માહિતી આપી હતી. નરેન્દ્ર મોદીએ અનેક મુદ્દાઓ ઉપર વાત કરી હતી. દેશના વડાપ્રધાન બન્યા બાદ તેમની આ પ્રથમ મુલાકાત હતી. તેમણે ઉમેર્યું હતું કે, વડાપ્રધાન બન્યા બાદ નૌકાસેનાની કામગીરીને નિહાળવાના હેતુસર તેઓ અહીં પહોંચ્યા છે. સરકાર ભારતમાં સંરક્ષણ ક્ષેત્રને મજબુત કરવા માટે કટિબદ્ધ છે. વર્તમાન સરકાર માત્ર વચનો આપવામાં જ માનતી નથી પરંતુ તેમને પૂર્ણ કરવાનો પણ હેતુ ધરાવે છે. તેમણે ઉમેર્યું હતું કે, હાલમાં જ આપવામાં આવેલા તમામ વચનોને પૂર્ણ કરવામાં આવશે. રાષ્ટ્રની સુરક્ષા કરવા બદલ મોદીએ નૌકાસેનાના અધિકારીઓ અને સશસ્ત્રદળોને શુભેચ્છા આપી હતી. આજે હવામાને પણ ભૂમિકા ભજવી હતી. વરસાદના લીધે કેટલાક કાર્યક્રમોમાં ફેરફાર કરવાની પણ તંત્રને ફરજ પડી હતી.

પાકિસ્તાનને સ્પષ્ટપણે સંદેશો આપી દેવાયો

યુદ્ધ વિરામના ભંગનો જવાબ આપવા સેના સક્ષમ : જેટલી

શ્રીનગર, તા.૧૪

સંરક્ષણ પ્રધાન અરૂણ જેટલીએ આજે કહ્યું હતું કે, દેશના સંરક્ષણદળો પાકિસ્તાન દ્વારા કરવામાં આવી રહેલા યુદ્ધ વિરામના ભંગનો જવાબ આપવામાં સંપૂર્ણપણે સક્ષમ છે. સંરક્ષણ પ્રધાન જેટલીએ આજે કઠોર વલણ અપનાવીને પાકિસ્તાનને કઠોર સંદેશ આપ્યો હતો. જમ્મુ-કાશ્મીરના બે દિવસના પ્રવાસે પહોંચેલા અરૂણ જેટલીએ પાકિસ્તાનને ચેતવણી આપતા કહ્યું હતું કે, ભારતના જવાન યુદ્ધ વિરામના ભંગનો જવાબ આપવા માટે કટિબદ્ધ છે અને જવાબ આપવાનું પણ જાણે છે. અરૂણ જેટલી આજે સેનાના વડા વિક્રમસિંહ સાથે જમ્મુ-કાશ્મીરના બે દિવસના પ્રવાસે શ્રીનગર પહોંચ્યા હતા. સંરક્ષણ મંત્રી તરીકેની જવાબદારી સંભાળી લીધા બાદ તેમની આ પ્રથમ રાજ્યની મુલાકાત છે. પાકિસ્તાન તરફથી કરવામાં આવી રહેલા યુદ્ધ વિરામના ભંગ અંગે વાત કરતા જેટલીએ કહ્યું હતું

કે, અમારા જવાન અને સેના યુદ્ધ વિરામના ભંગનો જવાબ આપવામાં સંપૂર્ણપણે સક્ષમ છે. જેટલીના જમ્મુ કાશ્મીરની યાત્રાના એક દિવસ પહેલા જ પાકિસ્તાને યુદ્ધ વિરામનો ભંગ કરીને જોરદાર ગોળીબાર કર્યો હતો. એલઓસી ઉપર પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલા ગોળીબારમાં એક જવાન શહીદ થયો હતો. કાશ્મીરના બે દિવસ પ્રવાસ દરમિયાન જેટલી રાજ્ય સરકાર અને વરિષ્ઠ અધિકારીઓ સાથે સુરક્ષા સ્થિતિ ઉપર સમીક્ષા કરી રહ્યા છે સેનાના પ્રવક્તાનું કહેવું છે કે, આજે સવારે વિક્રમસિંહ અને જેટલી શ્રીનગર પહોંચ્યા હતા. જેટલીને રાજ્યમાં પ્રવર્તમાન સ્થિતિ અંગે માહિતી આપવામાં આવી હતી. આતંકવાદીઓની ઘૂસણખોરીને રોકવા માટે અંકુશ રેખા ઉપર ચલાવવામાં આવી રહેલા આતંકવાદ વિરોધી અભિયાનની પણ માહિતી અપાઈ હતી. વાર્ષિક અમરનાથ યાત્રાનો મુદ્દો પણ ચર્ચા દરમિયાન ઉઠ્યો હતો.

આજે વિશ્વકપ ફુટબોલમાં કુલ ૪ મેચો

રિયો ડી જિનેરિયો,તા. ૧૪

ફીફા વર્લ્ડ કપની રોમાંચક શરૂઆત થયા બાદ એકપછી એક મેચોની શરૂઆત થઇ ગઇ છે. આવતીકાલે ૧૫મી જુનના દિવસે વિશ્વ કપમાં કુલ ચાર મેચો રમાનાર છે. જે પૈકીની પ્રથમ મેચ ગ્રુપ સીમાં આઇવરી કોસ્ટ અને જાપાન વચ્ચે રમાશે જેનુ પ્રસારણ સવારે ૬.૩૦ વાગ્યાથી કરવામાં આવશે. જ્યારે બીજી મેચ સ્વીત્ઝર્લેન્ડ અને ઇક્વાડોર વચ્ચે રમાશે. અન્ય એક મેચ ફ્રાન્સ અને હોન્ડુરાસ વચ્ચે રમાશે. ગ્રુપ એફમાં આર્જેન્ટિના અને બોસ્નિયા વચ્ચે પણ જંગ ખેલાશે. જો કે રવિવારના દિવસે રમાનારી મેચો પૈકી સૌથી રોમાંચક મેચ આર્જેન્ટિનાની રહેશે. આર્જેન્ટિનાની ટીમમાં અનવેક સ્ટાર ખેલાડી હોવાથી તમામની નજર આ મેચ પર રહેશે. ખાસ કરીને કરોડો ફુટબોલ ચાહકોની નજર લિયોનેલ મેસ્સી પણ રહેશે. મેસ્સીને વિશ્વના સૌથી મોટા ફુટબોલ સ્ટાર તરીકે જોવામાં આવે છે. વર્લ્ડ કપની પ્રથમ મેચમાં યજમાન બ્રાઝિલે ક્રોએશિયા પર જીત મેળવી હતી. બ્રાઝિલ,સ્પેન અને જર્મનીને સૌથી ફેવરીટ તરીકે ગણવામાં આવે છે.ફુટબોલ ચાહકો માટે સૌથી રસપ્રદ અને રોચક બાબત એ છે કે બ્રાજિલમાં બીજી વખત વિશ્વ કપ ફુટબોલનુ આયોજન કરવામાં આવી રહ્યું છે. વર્ષ ૧૯૫૦માં પણ બ્રાઝિલમાં વિશ્વ કપનુ આયોજન કરવામાં આવ્યું હતુ. બ્રાઝિલને વર્ષ ૨૦૦૭માં યજમાન દેશ તરીકે જાહેર કરવામાં આવ્યા બાદથી જ બ્રાઝિલમાં ભારે ઉત્સુકતા હતી.

ફિફા વર્લ્ડકપમાં આવતીકાલે રમાનારી મેચો નીચે મુજબ છે.

૧. આઇવરી કોસ્ટ વિરુદ્ધ જાપાન (ગ્રુપ-સી), સવારે ૬-૩૦
૨. સ્વીત્ઝર્લેન્ડ વિરુદ્ધ ઇક્વાડોર (ગ્રુપ-ઇ), રાત્રે ૯-૩૦
૩. ફ્રાન્સ વિરુદ્ધ હોન્ડુરાસલ(ગ્રુપ-ઇ), રાત્રે ૧૨.૩૦
૪. આર્જેન્ટિના વિરુદ્ધ બોસ્નિયા (ગ્રુપ-એફ) રાત્રે ૩.૩૦

સેઝ માટે ફરીથી ટેક્સ રાહત આપવાની મોદીની હિલચાલ

નવી દિલ્હી, તા.૧૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સ્પેશ્યલ ઈકોનોમીક ઝોન માટે ટેક્સ રાહત આપવાની તૈયારી કરી લીધી છે. ટૂંક સમયમાં જ આની જાહેરાત કરવામાં આવે તેવી શક્યતા છે. હાલમાં જ મોદીએ આ સંદર્ભમાં સંબંધિતો સાથે વાતચીત કરી હતી. સત્તાવાર સુત્રોએ કહ્યું છે કે, મોદી આગામી દિવસોમાં વાણિજ્ય સચિવ રાજીવ ખેર અને મહેસુલી સચિવ રાજીવ ટકરુ સાથે પણ વાતચીત કરનાર છે. મોદી સૌથી પહેલા આંતરપ્રધાન સ્તરના મતભેદોને દૂર કરવા ઈચ્છુક છે. સેઝને મીનીમમ અલ્ટરનેટ ટેક્સ (મેટની) ચુકવણીથી કોઈ મુક્તિ આપી શકાય છે કે કેમ, તેને લઈને પણ નિર્ણય કરવામાં આવનાર છે. આ ઉપરાંત ડિવીડંડ ડિસ્ટ્રીબ્યુશન ટેક્સના મુદ્દે પણ નિર્ણય લેવામાં આવનાર છે. પ્રણવ મુખર્જી જ્યારે નાણાં પ્રધાન હતા ત્યારે આ ઝોનને કેટલીક છૂટછાટ આપવામાં આવી હતી. આ બે છૂટછાટ પ્રણવના ગાળા દરમિયાન આપવામાં આવી હતી. વાણિજ્ય વિભાગે બે રાહતો આપવાની તરફેણ કરી છે અને દલીલ કરી છે કે આનાથી મેન્યુફેક્ચરીંગ સેક્ટરમાં મૂડીરોકાણ વધશે. રોજગારીની વધુ તકો સર્જાશે. નિકાસને પ્રોત્સાહન મળશે. જ્યારે અન્ય કેટલાક વિભાગોએ આનો વિરોધ કર્યો છે. સેઝને મોટા નિકાસ હબ તરીકે ગણવામાં આવે છે. ૫૬૬ વિધીવતરીતે મંજૂર સેઝ પૈકી માત્ર ૧૮૫ ઓપરેશનમાં છે. સેઝથી ૧૫ લાખ લોકોને રોજગારી મળેલી છે.

કેદારનાથ નજીક હોનારતના એક વર્ષ બાદ હાડપિંજરો મળે છે

દહેરાદુન,તા. ૧૪

ભીષણ કુદરતી હોનારતના એક વર્ષ બાદ પણ ધાર્મિક સ્થળ કેદારનાથની આસપાસ ફેલાયેલા કાટમાળ હેઠળથી હાડપિંજરો મળી રહ્યા છે. હાડપિંજરો હોવાનો દાવો કરતા મુખ્ય વિરોધ પક્ષ ભાજપે કુદરતી હોનારત અને ત્યારબાદ હવેની સ્થિતીના સંબંધમાં શ્વેત પત્ર જારી કરવાની માંગ કરી હતી. ભાજપના રાષ્ટ્રીય સચિવ ત્રિવેન્દ્ર સિંહ રાવતે કહ્યું હતું કે કુદરતી હોનારતના એક વર્ષ બાદ પણ કેદારનાથની આસપાસ ફેલાયેલા કાટમાળ અને નજીક તુટેલી હાલતમાં રહેલી ઈમારતોમાં મોટી સંખ્યામાં હાડપિંજરો રહેલા છે. રાજ્ય સરકાર સમક્ષ રાવતે શ્વેત પત્ર જારી કરવાની માંગ કરી છે. પ્રભાવિત લોકોની સ્થિતીને સુધારાવા માટે ક્યા પગલા લેવામાં આવ્યા છે તે અંગે માહિતી આપવાની માંગ કરવામાં આવી છે. કેદારનાથ માર્ગ પર આવતા



જંગલચટ્ટીની નજીક વન્ય વિસ્તારમાં સડી ગયેલા ચાર મૃતદેહોના વિડિયોને દર્શાવ્યા બાદ ભાજપ દ્વારા આ મુજબની માંગ કરવામાં આવી છે. ટીવી ચેનલે દાવો કર્યો હતો કે આ વિસ્તારમાં ૧૦૦થી વધારે હાડપિંજરો હોઈ શકે છે. ગઢવાલમાં આવેલા ધાર્મિક સ્થળો પર આવતા લોકોની સંખ્યા અંગે ખોટા આંકડા આપવાનો પણ સરકાર પર આક્ષેપ કર્યો છે. પોલીસે ગયા વર્ષે સપ્ટેમ્બર સુધી રાજ્યના જુદા જુદા હિસ્સામાં ૬૦૦થી વધુ મૃતદેહોના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા. રાવતે કહ્યું હતું કે જંગલચટ્ટાની નજીક હજુ પણ મૃતદેહો પડેલા છે. તાજેતરમાં પૂર્ણ થયેલા વિધાનસભાના સત્ર દરમિયાન ભાજપ દ્વારા કુદરતી હોનારત અંગે શ્વેતપત્ર જારી કરવાની જોરદાર માંગ કરી હતી. ભાજપ નેતા રાવતે કહ્યું હતું કે કુદરતી હોનાતના એક વર્ષ બાદ પણ સ્થિતીમાં વધારે સુધારો થઈ શક્યો નથી. આ જ કારણસર ધાર્મિક સ્થળો પર આવતા આવતા શ્રદ્ધાળુઓની સંખ્યામાં ઉલ્લેખનીય ઘટાડો થયો છે.

મહિલા તરીકે બિનસુરક્ષિત હોવાનો અનુભવ : પ્રીતિ ઝિંટા

મુંબઈ,તા.૧૪

પ્રીતિ ઝિંટા છેડછાડ કેસનો મામલો સપાટી પર આવ્યા બાદ ભારે સનસનાટી મચ ગઈ છે. પ્રીતિ ઝિંટાએ પણ નિવેદન જારી કરીને કહ્યું છે કે, તેના માટે આ ખૂબ જ મુશ્કેલ સમય છે. મીડિયાની ગુપ્તતા જાળવી રાખવા માટે અપીલ કરવામાં આવી છે.પ્રીતિએ એક નિવેદનમાં કહ્યું છે કે, તેનો હેતુ કોઈને નુકશાન પહોંચાડવાનો નથી બલ્કે પોતાની રક્ષા કરવાનો છે. બોલીવુડની અભિનેત્રીએ પૂર્વ બોયફ્રેન્ડ સામે એફઆઈઆર નોંધાયા બાદ કહ્યું હતું કે, દક્ષિણ મુંબઈમાં વાનખેડે સ્ટેડિયમની અંદર તેની સાથે છેડતી કરાઈ હતી અને મારી નાખવાની ધમકી પણ અપાઈ

હતી. મરિનડ્રાઈવ પોલીસમાં છ પાનાની ફરિયાદ દાખલ કરવામાં આવી છે. નેસ વાડિયાને છેલ્લા દસ વર્ષથી ઓળખતી હોવાની અને તેમની સાથે સંબંધો હોવાની વાત પણ પ્રીતિ કબુલી ચુકી છે. પ્રોફેશનલ લોકો તરીકે જ હાલમાં તેમની વચ્ચે સંબંધો રહેલા છે. તેમની વચ્ચે ઘણી બોલાચાલી પણ થઈ હતી. પ્રીતિએ એમપણ કહ્યું છે કે, એક મહિલા તરીકે તે બિનસુરક્ષિત અને શરમજનક સ્થિતિમાં પોતાને જોઈ રહી છે. બીજી બાજુ મહારાષ્ટ્ર મહિલા પંચે વાડિયાની ધરપકડ કરવા માટે મુંબઈ પોલીસને ૨૪કલાકનો સમય આપ્યો છે. મહિલા પંચના સભ્ય ચિત્રાવાઘે કહ્યું છે કે, આ ખૂબ સંવેદનશીલ મામલો છે. ફરિયાદના ૨૪કલાક બાદ પણ કોઈ કાર્યવાહી કરાઈ નથી.

રક્તદાન મહાદાન. વિશ્વ રક્તદાન દિવસ નિમિત્તે હૈદરાબાદમાં મહારક્તદાન યજ્ઞ યોજાયો હતો. જેમાં જાણીતા ક્રિકેટર વી.વી.એસ. લક્ષ્મણ અને એપોલો હોસ્પિટલ ગૃપના સંગીતા રેડ્ડીએ રક્તદાન કરી જાગૃતિ માટે અપીલ કરી હતી. હૈદરાબાદની ઘણી ઈન્ફોસીસ કંપનીઓએ કર્મચારીઓ દ્વારા રક્તદાન યજ્ઞ વ્યાપક પ્રમાણમાં આયોજયા હતા. દેશભરમાં અનેક નગરનો અને મહાનગરોમાં રક્તદાન કાર્યક્રમોનું આયોજન કરાયું હતું. આ વર્ષનો રક્તદાન માટેનો થીમ 'માતૃત્વના રક્ષણ માટે'નો છે.

સમાચાર ઝલક

- ગ્રામ ગરીબો માટે ચાલુ વર્ષે ૨૫ લાખ મકાનો બનાવાશે, ૧૭૦૦૦ કરોડની જોગવાઇ.
- એકાદ-બે દિવસમાં પેટ્રોલના ભાવમાં ઘટાડો થશે.
- રાપરમાં ૧૬ વર્ષના વિદ્યાર્થી ઉપર ગોળીબાર કરાયો.
- ભાવનગરમાં પ્રતિબંધિત ગર્ભ પરીક્ષણ કરતાં રંગે હાથ તબીબ ઝડપાયા.
- નબળા ચોમાસાની બીકે ખેડૂતો હાઇબ્રીડ કપાસ તરફ વળી ગયા.
- નર્મદાની કેનાલ/પેટા કેનાલોનું ૫૨૩૪૦ કિ.મી.નું કામ હજુ બાકી.
- આંધ્રપ્રદેશમાં ગરમીનો કાળો કેર, ૧૩ જિલ્લાઓમાં ૮૭ લોકોનાં મોત.
- ઇરાકમાં બળવાખોરોની આગેકૂચ, વિશ્વ ચિંતાતૂર.
- વૃદ્ધો અને અપંગોને ઘેરબેઠાં પેન્શન મળે તેવી યોજનાનો અમલ ટૂંક સમયમાં થશે.
- અંકલેશ્વરમાં ભૂતનાથ બાઇકર પોલીસે જપ્ત કર્યું, ચાલક ભૂતની જેમ અલોપ થઇ જતો હતો.
- સૂરતના રાંદેર વિસ્તારમાં આખા તબીબ કુટુંબને બંધક બનાવીને લુંટારા લૂંટ ધોળે દિવસે કરી ગયા, પોલીસનું મોન.
- જૂન પ્રથમ અઠવાડિયામાં જે વરસાદ થવો જોઇએ તેની સામે દેશમાં સરાસરી ૪૮ ટકા ઘટ નોંધાઇ.
- શાળા પ્રવેશોત્સવના કાર્યક્રમ દરમિયાન મંત્રી રમણલાલ વોરાની તબિયત લથડી.
- ગુજરાતમાં મકાનના ભાવ વધતા રહ્યા, દેશનાં ૧૨ મોટા શહેરોમાં ઘરની કિંમતમાં ૭ ટકાનો વધારો.
- દેશભરના રેલ્વે સ્ટેશનો બે સપ્તાહમાં સ્વચ્છ કરાશે, સ્વચ્છતા અભિયાન શરૂ.
- ટૂંક સમયમાં સિગારેટના છૂટક વેચાણ પર પ્રતિબંધ આવશે.
- અલ-નીનોથી મોંઘવારીમાં તીવ્ર વધારો થવાના એંધાણ.
- ૧૯૭૧ના યુદ્ધના નિવૃત્ત મેજર રોહિત શેઠીની દિલ્હીમાં હત્યા.
- સૂરતમાં ફાયરમેનના ઘરે વિજિલન્સના દરોડાથી ચકચાર, ફાયર ફાઇટરનો મોટો જથ્થો પકડાયો.
- અનપેઇડ બીલ બદલ દર્દીને અટકાયતમાં ન રાખી શકાય, દર્દી સામે અમાનવીય ઘટના છે : મુંબઇ હાઇકોર્ટ
- જેહાદી આતંકીઓ બગદાદ પર કબજાની તૈયારીમાં ઇરાક સરકાર વિસામણમાં.
- દરિયાઇ મોજાના ઉછાળાથી દ્વારકાના કિનારે ઓઇલ ખેંચાઇ આવ્યું, પર્યાવરણવાદીઓ ચિંતામાં.
- આજે વિશ્વ રક્તદાન દિવસ ઉજવાયો, દેશમાં વિવિધ જગ્યાએ રક્તદાન કેમ્પ યોજાયા.